PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૮૬૪૩-૬ તારીખ : ૩૦ - ૧૨ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
ધોરીયાણી શાંતિલાલ કાનજીભાઇ
ઠે. પંચાસરા રોડ, એવન ની બાજુમાં, હીના ઓઈલ મીલ ની સામે,
મું. પો. : વાંકાનેર, તા. : વાંકાનેર , જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૨૧

વિષય : કોટેશન બાબતે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil , તા. ૦૯-૧૧-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર શહેર.

## પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૩/૨૨-૨૩/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૪/ક્વા-૩/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : ધોરીયાણી શાંતિલાલ કાનજીભાઇ, ગામ: વાંકાનેર |
| રજૂઆત કરનાર | : ધોરીયાણી નિગમ શાંતિલાલ |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – વાંકાનેર |
| રજૂઆત કરનાર | : શ્રી પી.એસ.ધુલિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી વાંકાનેર |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Re... P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૧૨.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં-૮૧૬૦૧-૦૦૩૭૬-૫ થી શાંતિલાલ કાનજીભાઈ ધોરીયાણીનાં નામથી થ્રી ફેઈઝ વિજજોડાણ ૫૫ કિલોવોટનું ધરાવે છે. પીજીવીસીએલ દ્વારા તા.૩૦.૦૪.૨૦૨૨ થી સદર જોડાણમાં કોન્ટ્રાક્ટ ડીમાન્ડ કરતા વધુ વપરાશ કરવા બાબતે નોટીસ આપેલી જેનો જવાબ તા.૨૪.૦૫.૨૦૨૨ થી પીજીવીસીએલની પેટાવિભાગીય કચેરી વાંકાનેરને આપેલ છે તે મુજબ કેપેસીટરમાં ફોલ્ટ ઉભો થતા વીજવપરાશ વધારે આવેલ જે મેઈન્ટન થઈ શકેલ ન હોવાથી હવે પછી ડીમાન્ડમાં વધારો નહી થાય તેની બાંહેધરી આપેલ છે, તેમજ કેપેસીટરનો ફોલ્ટ હતો તે રીપેરીંગ કરાવેલ છે. ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા રૂ.૧,૦૫,૦૪૯/- નું કવોટેશન અપાયેલ છે જે મંજુર ન હોય યોગ્ય કાર્યવાહી કરવા ફોરમને ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે ગ્રાહકશ્રી ધોરિયાણી શાંતિલાલ કાનજીભાઇ જેના ગ્રાહક નં ૮૧૬૦૧/૦૦૩૭૬/૫ છે દ્વારા તેઓને અપાયેલ સૂઓમોટો લોડવધારાના અંદાજપત્ર બાબત ફરિયાદ કરેલ છે.

૩.૧ અરજદારશ્રી ધોરિયાણી શાંતિલાલ કાનજીભાઇ ગ્રાહક નં ૮૧૬૦૧/૦૦૩૭૬/૫ વાળુ **LTMD** કેટેગરીનું ૫૫.૦ **KW** નું કનેક્શન ધરાવે છે. **LTMD** કેટેગરીમાં ગ્રાહકની વિજવપરાશની ડિમાન્ડ તેના કોન્ટ્રાક્ટ લોડથી વધે નહીં તેની તકેદારી રાખવાની હોય છે. આમ છતાં આ કનેક્શનમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં અરજદારની ડિમાન્ડ તેના કોન્ટ્રાક્ટ લોડ થી ૦૪ વખત નીચે મુજબ વધી ગયેલ છે.

**(Table – 1)**

| Consumer No.:81601/00376/5, Maximum Actual Demand / Billing Demand in KW | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Month | Year 2019-20 | | | Year 2020-21 | | | Year 2021-22 | | | Year 2022-23 | | |
| | C.D. | A.D. | >5% | C.D. | A.D. | >5% | C.D. | A.D. | >5% | C.D. | A.D. | >5% |
| Apr | 55 | 52.2 | | 55 | | | 55 | 70 | 27% | 55 | 56.4 | |
| May | 55 | 55.6 | | 55 | 44 | | 55 | 58.2 | 06% | 55 | 77.6 | 41% |
| Jun | 55 | 59 | 7% | 55 | 41 | | 55 | 33.5 | | 55 | 48 | |
| Jul | 55 | 57 | | 55 | 37.6 | | 55 | 44 | | 55 | 26 | |
| Aug | 55 | 48 | | 55 | 30 | | 55 | 71.8 | 31% | 55 | 0 | |
| Sep | 55 | 16 | | 55 | 21.4 | | 55 | 53.8 | | 55 | 15.8 | |
| Oct | 55 | 38 | | 55 | 0 | | 55 | 55 | | 55 | 34 | |
| Nov | 55 | 43 | | 55 | 46.8 | | 55 | 41.3 | | 55 | 34.4 | |
| Dec | 55 | 15 | | 55 | 42.6 | | 55 | 50 | | 55 | | |
| Jan | 55 | 45 | | 55 | 43 | | 55 | 55.2 | | 55 | | |
| Feb | 55 | 46 | | 55 | 46 | | 55 | 92 | 67% | 55 | | |
| Mar | 55 | 48 | | 55 | 50 | | 55 | 25 | | 55 | | |

ઉપરોક્ત બાબતે પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહકશ્રીને પત્ર નં-૫૮૫૬ તા.30.0૪.૨૦૨૨ થી સદર કનેક્શનમાં લોડ વધારો કરવાની નોટિસ આપવામાં આવેલ છે, તેમ છતાં ઉપરોક્ત ગ્રાહકશ્રીએ નિયત સમયમર્યાદામાં લોડ વધારાની અરજી ન કરતાં સપ્લાય કોડના કલમ નં ૪.૯૫ મુજબ ગ્રાહક ને લોડ વધારા નું અંદાજપત્ર-૭૮૯૦ તા.૦૮.૦૮.૨૦૨૨ થી આપવામાં આવેલ છે. જે રકમ અરજદારે નિયત સમયમર્યાદામાં ન ભરતા અંદાજપત્રની રકમ નિયમ મુજબ જરૂરી મંજૂરી મેળવીને ગ્રાહકના ખાતામાં સપ્લાયકોડના નિયમ મુજબ ડેબિટ કરવામાં આવેલ છે, જે રકમ ગ્રાહકે ભરપાઈ કરવાને પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ ધોરિયાણી શાંતિલાલ કાનજીભાઇ નામે ગ્રાહક નં. ૮૧૬૦૧/૦૦૩૭૬/૫ થી ૫૫ KW નું LTMD વીજજોડાણ તા.૧૮-૦૧-૨૦૦૫ થી ધરાવે છે. અરજદારને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સુઓમોટો અંતર્ગત સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવી તા.૦૮-૦૮-૨૦૨૨ થી રૂ.૧,૦૫,૦૪૯/-નું અંદાજપત્ર આપવામાં આવેલ છે. સદર અંદાજપત્ર અન્યાયકર્તા હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરેલ લેખિત રજૂઆત તા.૧૮-૦૪-૨૦૨૨ મુજબ અરજદાર ગ્રાહક નં. ૮૧૬૦૧/૦૦૩૭૬/૫ થી ૫૫ KW નું LTMD કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણમાં નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રતિમાસ મહતમ ડિમાન્ડ, કરારિત ડિમાન્ડ કરતા વધુ વખત વીજવપરાશ કરેલ હોય, સદર ગ્રાહકને પત્ર નં – ૫૮૫૬ તા.30-0૪-૨૦૨૨ થી નોટીસ અપાયેલ છે. જે અન્વયે ગ્રાહક

દ્વારા તેઓના વીજજોડાણમાં કરારિત વીજભારમાં વધારો કરવાની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા સુઓ-મોટો અન્વયે તા.૦૮-૦૮-૨૦૨૨ થી એસ્ટીમેટ આપેલ છે જેમાં નીચે મુજબના ચાર્જની નોંધ કરેલ છે.

| | |
|---|---|
| Existing Load 55 KW<br>Applied Load 73 KW<br>Additional Load 18 KW | Agreement Fee Rs.300/-<br>Fix Charge Rs.19800/-<br>Security Deposit Rs.84949/-<br>Total Estimate Cost Rs.105049/- |

પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ સદર ભાવપત્રક ગ્રાહક દ્વારા ભરપાઈ કરાયેલ નથી. સદર બાબતે ગ્રાહક દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે તે મુજબ તેઓના યુનીટમાં કેપેસીટર માં ફોલ્ટને લીધે ડિમાન્ડ વધુ નોંધાયેલ હતી જે રીપેરીંગ કરાવેલ છે ત્યારબાદ ડિમાન્ડમાં વધારો કરારીત વીજભારથી વધુ નોંધાયેલ નથી. તેમજ વધુ વીજભારની જરૂરીયાત ન હોવાથી આપેલ ભાવપત્રક રદ ગણીને જે કઈ મીનીમમ ચાર્જ આવે તે ભરપાઈ કરવા સદર સુનાવણી દરમ્યાન અરજદારે ફોરમ સમક્ષ મૌખિક રજૂઆત કરેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ ના Table-1 મુજબ અરજદાર ગ્રાહકના વીજજોડાણમાં કરેલ વીજવપરાશ મુજબ નોંધાયેલ મહતમ બિલીંગ ડિમાન્ડ પી.આર.ટી.-૧૪૫ મુજબ નાણકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૦૪ વખત કરારિત વીજભારના ૦૫% કે તેથી વધુ વીજડિમાન્ડ નોંધાયેલ છે.

૪.૪ ઉપરોક્ત બાબતે નામદાર GERCના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ નીચે મુજબ છે."In case of HT, EHT and <u>Demand Based LT connections</u>, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand......."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં – પી.જી.વી.સી.એલ./ આર.એન્ડ.સી./ ૧૯૧૦ તા.૧૯-03-૨૦૨૨ મુજબ "... Some of the LT Consumers whose contract demand exceed by 5 % or more for four times, during previous financial year and such consumers have either controlled their demand or agreed to undertake that they will consume within their contracted demand...

..... In such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed / demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code ...... Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand. "

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.3 અને ૪.૪ મુજબ અરજદાર દ્વારા કરારીત વીજભાર ૫૫ KW કરતા અરજદારના વીજજોડાણમાં નોંધાયેલ મહતમ વીજ ડિમાન્ડ (૭૦ KW,૫૮.૨ KW, ૭૧.૮ KW અને ૯૨.૦ KW) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં કરાયેલ છે જે અરજદાર ગ્રાહક દ્વારા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના ક્લોઝ નં - ૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને કરારિત વીજભાર નિયમીત કરવા માટે નિયમાધીન નોટીસ પત્ર નં- તા.30-04-૨૦૨૨ થી પાઠવવામાં આવેલ છે. સદર નોટીસ મુજબ હૈયાત કરારિત વીજભારમાં વધારો દિવસ-30 માં કરવામાં નિષ્ફળ થયે સદર ગ્રાહકના વીજબીલમાં ઉધારવામાં આવશે.

ત્યારબાદ પી.જી.વી.સી.એલ. દ્વારા સદર નોટીસ પીરીયડ પૂરો થયા બાદ સુઓમોટો અંતર્ગત તા.૦૮-૦૮-૨૦૨૨ ના રોજ રૂ.૧,૦૫,૦૪૯/- નું ભાવપત્રક અપાયેલ છે જે નિયમાધીન યોગ્ય જણાય છે.

૪.૬ અરજદાર દ્વારા નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ દરમ્યાન કરારિત વીજભાર કરતા વધારે વપરાશ કરેલ હોવાથી તે મુજબ સપ્લાય કોડ ૪.૯૫ ના નિયમનું ઉલ્લંઘન કરેલ છે.

ઉપરોક્ત બાબતે સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની લેખિત/મૌખિક રજૂઆત મુજબ તેઓને વધારે વીજભારની જરૂરીયાત ન હોવાથી અરજદારે મીનીમમ ચાર્જ ભરપાઈ કરી આપવાની મૌખિક ખાત્રી આપેલ છે. આ સંજોગોમાં પી.જી.વી.સી.એલ. દ્વારા સુઓમોટો અંતર્ગત પાઠવેલ ભાવપત્રક રદ ગણીને પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં – પી.જી.વી.સી.એલ./આર.એન્ડ.સી./૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ મુજબ અરજદારે કરારિત વીજભાર કરતા વધુ વીજવપરાશ થશે નહિ તેમજ હવે પછી એક પણ વખત કરારિત વીજભાર કરતા વધુ વીજભાર ઉપયોગ થશે તો ફરજીયાત વીજભાર વધારવાની કાર્યવાહી કરવાની જરૂરી બાહેંધરી અરજદારે આપવાની રહેશે તેમજ વર્ષ-૨૦૨૧-૨૨ માં નોંધાયેલ મહતમ ડિમાન્ડની ગણતરી કરતા અરજદાર ગ્રાહક દ્વારા ૭૩KW નો કરારિત વીજભાર કરવાનો થાય છે તે મુજબ અરજદાર પાસેથી બે વર્ષનો મીનીમમ ચાર્જ આ હુકમની તારીખથી દિવસ-૩૦ માં ભરપાઈમાં કરવાનો રહેશે, સદર બાબતોનું પાલન ન થયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે અરજદાર અને પી.જી.વી.સી.એલ.ને જરૂરી કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧